# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે ઉ.મા.પ્ર. પરીક્ષા વિજ્ઞાનપ્રવાહ માર્ચ-૨૦૧૮ માં ૧(એક) વિષયના અનુત્તિર્ણ થયેલ જુલાઈ (પૂરક)-૨૦૧૮ ની પરીક્ષામાં ઉપસ્થિત થવાની પાત્રતા ધરાવતા ઉમેદવારોની કોમ્પ્યુટર યાદી શાળાઓને અગાઉ મોકલવામાં આવેલ હતી. તે રદ ગણવી. બોર્ડ દ્વારા હાલમાં લેવાયેલ નિર્ણય મુજબ ૧(એક) અને ૨(બે) વિષયમાં અનુત્રિર્ણ થયેલ ઉમેદવારોની વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા જુલાઈ (પૂરક)-૨૦૧૮ માં લેવામાં આવશે. સદર પરીક્ષામાં ઉપસ્થિત થવાની પાત્રતા ધરાવતા ઉમેદવારોની યાદી સામાન્યપ્રવાહના પરિણામ સાથે તા.૩૧/૦૫/૨૦૧૮ ના રોજ જિલ્લાના વિતરણ કેન્દ્ર ઉપરથી વિતરણ થનાર છે. તો વિજ્ઞાનપ્રવાહની શાળાઓએ મેળવી લેવી. આ યાદી અને નિયત ફી ૧ (એક) વિષયની રૂ.૧૫૦/- તથા ૨ (બે) વિષયની રૂ.૨૫૦/- પ્રમાણે પરીક્ષા ફી ના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથેની ફાઈલ તા.૧૨/૦૬/૨૦૧૮ સુધીમાં બોર્ડની કચેરીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા જમા કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે જુલાઈ (પૂરક)-૨૦૧૮ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રી દ્વારા પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવેલ છે. તેથી વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ ઉમેદવારોની ફી લેવાની થતી નથી. જેની વિગતો પરીપત્ર સાથે મોકલવામાં આવેલ પત્રકમાં ભરી ફાઈલ સાથે મોકલી આપવાની રહેશે. જેની વિજ્ઞાનપ્રવાહના શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

તા - ૨૯/૦૫/૨૦૧૮

સ્થળ - ગાંધીનગર.

પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.